આંક–૧ લગત હુકમ. ક્રિમી.કેસ નં. ૭૨૮૩૨/૧૯

૧) સદર કામમા આરોપી સામે ધી ઈ.પી.કો. કલમ ૧૮૮ તથા જી.પી.એકટની કલમ ૧૩૧ તથા ધી એક્ષપ્લોઝીવ એકટ ૧૮૮૪ ની કલમ ૯ (બી) (૧) (બી) મુજબના ગુનાનું ચાર્જશીટ દાખલ થયેલ છે અને આરોપીને પોલીસ પેપર્સની નકલો સી.આર.પી.સી.ની કલમ ૨૦૭ અન્વયે પુરી પાડવામા આવેલ છે. આજરોજ પોકાર કરતા આરોપી હાજર છે અને આરોપીની પ્લી લેતાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. જે આરોપીની પ્લી આંક–૩ થી રેકર્ડ ઉપર લેવામા આવેલ છે તે સાથે આરોપીએ આંક–૪ થી એક અલાયદી પુરશીશ આપી આ ગુનો તેઓ સ્વેચ્છાએ કબુલ કરતા હોવાનું જાહેર કરેલ છે. આ કામે સામાપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ હાજર રહી કોઈ વાંધો ઉઠાવેલ નથી. આરોપી સામે આક્ષેપીત સજાની જોગવાઈ જોતાં સમન્સ ટ્રાયબલ ગુનાનો આક્ષેપ છે અને આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોઈ તે સંજોગોમા નીચે મુજબનો હુકમ કરવામા ફરમાવું છું.

**:: હુ ક મ ::**

આ કામના આરોપીને ક્રિમી.કેસ નં. ૭૨૮૩૨/૧૯ ના કામે તેઓ વિરુધ્ધના ધી ઈ.પી.કો. કલમ ૧૮૮, જી.પી.એકટ ૧૩૧ તથા ધી એક્ષપ્લોઝીવ એકટ ૧૮૮૪ ની કલમ ૯(બી) (૧) (બી) મુજબના ગુનામા સી.આર.પી.સી.ની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવું છું અને આરોપીને રૂા. ૩૦૦૦/– દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ ફરમાવું છું.

મુદ્દામાલ અપીલ સમય વીત્યે નાશ કરવો.

આરોપી જો દંડ ન ભરે તો વધુ ૩ માસની સાદી કેદની સજાનો હુકમ ફરમાવું છું.

આરોપીના જામીન તથા જાતમુચરકા રદ કરવાનો હુકમ ફરમાવું છું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી જાહેર કર્યો.

અમદાવાદ

તા. ૨૦/૦૮/૨૦૧૯

( બી. વી. વસાવા )
ઈન્ચાર્જ એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં. ૮, અમદાવાદ
જીજે–૦૧૧૨૭